બ્રહ્મરહસ્ય ના પ્રશ્નો

1) આકાશ થી વિસ્તૃત અને પરમાણુઓથી સુક્ષ્મ તે કોણ ? તેનું સ્વરૂપ શું ? અને તે ક્યાં રહે છે ?

A: ચિત્ત (શ્લોક ૨. જુઓ આગળ) એ આકાશ થી પણ વિસ્તૃત અને પરમાણુઓથી પણ સુક્ષ્મ છે. સૂક્ષ્મરૂપે સ્ફુરણ પામવું (શ્લોક 3 જુઓ) એ તેનું સ્વરૂપ છે અને આત્મા (શ્લોક ૧ જુઓ) એ જ તેનું સ્થાન છે.

૨) એક જ ચિત્ત અતિ વિસ્તૃત હોય તે જ પાછી અતિ સુક્ષ્મ શી રીતે બને છે. અને સ્ફુરણ પામવું એટલે શું ? અને આત્મા શું ?

A: ચિત્ત એ સર્વનું કારણ હોવાથી અતિ વિસ્તૃત છે. અને જાણવા માટે કઠણ હોવાથી અતિ સુક્ષ્મ છે. ચિત્ત એટલે સ્ફુરણ પામવું, અને ચિત્ત એટલે જ આત્મા છે. (અજ્ઞાનવશ અહં (હું) ને તે (આત્મા) તું છે એવું સ્ફુરણ કરે છે. ત્યારે અહં (હું) નો નાશ તથા વિલય થઈ જતાં સર્વ એક આત્મારૂપ જ બની જાય છે. Ch-18

3) તેની પ્રાપ્તિ થવાનું સ્થાન કયું ? તે કેવી રીતે પ્રાપ્ત થાય છે ? અને તેની પ્રાપ્તિ વડે શો ફાયદો થાય છે ?

A: બુદ્ધિ એ જ તેની પ્રાપ્તિનું સ્થાન છે. તે એકાગ્રતા વડે પ્રાપ્ત થાય છે અને તેની પ્રાપ્તિ થવાથી ફરી જન્મવું પડતું નથી.

4) બુદ્ધિ કોને કહે છે? તેના એકાગ્રતા એટલે શું? અને જન્મ કેવા રીતે થાય છે?

A: અવિદ્યા વડે આવૃત થયેલા ચિત્તને બુદ્ધિ કહે છે. આત્મા તરફ અભિમુખ થવું એટલે એકાગ્રતા. અને દેહ એટલે જ આત્મા એવી ભાવના થવી એનેજ જન્મ થવો એમ કહે છે.

5) એ ચિત્ત શાથી ઉપલબ્ધ થતા નથી? તે કયા સાધન વડે પ્રાપ્ત થાય છે? તથા જન્મ શાથી થાય છે?

A: અવિવેક વડે ચિત્ત ઉપલબ્ધ થતા નથી. તે પોતે જ મને જ ઉપલબ્ધ થાય છે. કર્તૃત્વ નું અભિમાન થવાથી જ જન્મ થાય છે.

6) અવિવેક કયો? તેમજ આપણો એટલે કોણ? અને કર્તૃત્વ નું અભિમાન એટલે શું?

A દેહ અને સંસાર થી આત્મા જુદો છે, એમ ઓળખી ન શકવું એજ અવિવેક. આપણો કોણ એ નું તેને પોતાને જ પુછીએ. 'હું કર્તા છું' એવી ભાવના એટલે કર્તૃત્વ નું અભિમાન.

7) અવિવેક કયા સાધન થી નષ્ટ થાય છે? તેનું મૂળ શું? અને તેના બારું શું કારણ છે?

A: વિચાર વડે અવિવેક નષ્ટ થાય છે. વિચાર નું મૂળ વૈરાગ્ય છે. અને વૈરાગ્ય ને માટે વિષયો ઉપર દોષ દૃષ્ટિ જ કારણ છે.

8) વિચાર તે કોણ છે? વૈરાગ્ય એટલે શું? અને દોષદરિદ્ર એટલે શું?

A: દ્રષ્ટા અને દ્રશ્યનું પરીક્ષણ કરવું એનું નામ વિચાર. દ્રશ્ય પર આસક્તિ નહિ હોવી એ વૈરાગ્ય અને સર્વ દ્રશ્યવિષયો ખાલી દુઃખદાયક જ છે એવી ભાવના એ જ દોષદરિદ્ર.

9) એ સર્વ કયા સાધન વડે સાધ્ય થાય? તેમજ એ શાથી મળી શકે? અને તેનું પણ મૂળ કારણ શું છે?

A: ઈશ્વરકૃપાથી જ તમામ સાધ્ય થશે. તે કૃપા ભક્તિ કરવાથી જ પ્રાપ્ત થાય છે. ભક્તિનું મૂળ કારણ સત્સંગ છે.

10) ઈશ્વર કોને કહેવો? ભક્તિ કોને કહેવી? અને સંત કેવા હોય છે?

A: જે જગતને ધારણ કરે છે તે ઈશ્વર (વૃકાંકર) તેના તરફ મન લગાડવું તેનું નામ ભક્તિ, અને સંત શાન્ત તથા દયાળુ હોય છે.

11) જગતમાં હંમેશા કોણ બળે છે? સદા દુઃખી કોણ? અને સદા ગરીબ કોણ?

A અતિશય ધનવાન હંમેશા બળે છે. જેનું કુટુંબ બહોળું હોય તે હંમેશા દુઃખી હોય છે. આશા વડે ગ્રસ્ત થયેલો સદા ગરીબ હોય છે.

12) જગતમાં નિર્ભય કોણ છે? દુઃખરહિત કોણ છે? અને જેને ગરીબાઈ નથી એવું કોણ છે?

A. જેને કશાનો સંગ એટલે સબંધ નથી તે નિર્ભય છે, જેણે મન ને જીત્યું છે તે દુઃખરહિત છે, અને જે આત્મજ્ઞાની છે તેને ગરીબાઈ નથી.